શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ
C/o. શ્રી વીરબાઈ પાઠશાળા,
નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

**પ્રથમ વર્ષ**

**[સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા] અભ્યાસ-૧**

**શુભાશીર્વાદ** : તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા** : આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
: શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા** : **સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય : અ.સૌ. પ્રેમિલાબાઈ પ્રમોદ મોમાયા. કચ્છ સાંચરા. હાલ : ઘાટકોપર**

## નવકાર

## પંચ-પરમેષ્ઠિ નમસ્કાર સૂત્ર

**નમો અરિહંતાણં** ૧
**નમો સિદ્ધાણં** ૨
**નમો આયરિયાણં** ૩
**નમો ઉવજ્ઝાયાણં** ૪
**નમો લોએ સવ્વસાહૂણં** ૫
**એસો પંચનમુક્કારો** ૬
**સવ્વ પાવપ્પણાસણો** ૭
**મંગલાણં ચ સવ્વેસિં** ૮
**પઢમં હોઈ /હવઈ મંગલં** ૯

: શબ્દાર્થ :

**નમો** : નમસ્કાર હો.
**અરિહંતાણં** : અરિહંતોને.
**સિદ્ધાણં**: સિદ્ધોને.
**આયરિયાણં**: આચાર્યોને.
**ઉવજ્ઝાયાણં**: ઉપાધ્યાયોને.
**પંચ નમુક્કારો**: પાંચને કરેલો નમસ્કાર.
**સવ્વપાવ**: બધા પાપનો.
**પ્પણાસણો**: વિનાશ કરનાર.
**મંગલાણં**: મંગલોમાં
**ચ** : અને

**લોએ** : લોકમાં.
**સવ્વ** : સર્વ, બધા.
**સાહૂણં** : સાધુઓને.
**એસો** : આ.
**સવ્વેસિં** : સર્વમાં
**પઢમં** : પ્રથમ પહેલું.
**હવઈ/હોઈ** : છે
**મંગલં** : મંગલ.

**અર્થ :**અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ. ૧. સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ. ૨ આચાર્ય મહારાજને નમસ્કાર થાઓ.. ૩. ઉપાધ્યાય મહારાજને નમસ્કાર થાઓ. ૪. અઢીદ્વીપરૂપ લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ. ૫. આ પાંચેને કરેલ નમસ્કાર. ૬. સર્વ પાપનો નાશ કરનાર છે. ૭. અને સર્વ મંગલોમાં. ૮. પહેલું મંગલ છે. ૯.

**વિશેષાર્થ :** આ મહામંત્રમાં પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવ્યો છે, તેથી તેનું બીજું નામ **''પંચ મંગલસૂત્ર''** અથવા **'' પંચ પરમેષ્ઠિસ્તવ''** એમ કહેવાય છે. તેમજ તેના નવ પદ હોવાથી **''નવકાર''** પણ કહેવાય છે.

નમસ્કાર એ સન્માન અને આદરની લાગણી બતાવવાનું ઉચ્ચ સાધન છે, નમ્રતા અને ભક્તિનું ચિહ્ન છે, તથા કૃતજ્ઞતાનો સંકેત છે.

આ નવકાર મંત્રનો ઉપયોગ ધર્માનુષ્ઠાન, ધાર્મિકોત્સવ, અધ્યયન, ભોજન, શયન, નિદ્રાત્યાગ, પ્રયાણ, પ્રવેશ, ભય, કષ્ટ-રોગ, મરણ આદિ સર્વ સમયે કરવાનું શાસ્ત્રકારોએ કહેલ છે.

નવકાર મંત્રના સ્મરણથી સિંહ, હાથી, અગ્નિ, સર્પ, જલ, બંધન, ચોર, ગ્રહ, ભ્રમ, રાક્ષસ, ભૂત, શાકિની, સંગ્રામ, શત્રુ આદિના ભય સંકટાદિ નાશ પામી જાય છે. અને મોક્ષ સુધીના સુખોની પ્રાપ્તિ થાય છે. સર્વ સંપત્તિને પ્રાપ્ત કરાવનાર, સર્વદુઃખ કષ્ટોને દૂર કરનાર ચૌદપૂર્વના સારભૂત, નવકાર મંત્ર સમાન ત્રણ જગતમાં કોઈ મહાન મંત્ર નથી.

કાઉસ્સગ્ગમાં એક નવકારમંત્ર ગણવાથી ઓગણીસ લાખ, ત્રેસઠહજાર, બસો સડસઠ પલ્યોપમનું દેવતાનું આયુષ્ય બંધાય છે.

આ ભવ પુરતું જ ઈચ્છિત આપનાર એવા ચિંતામણીરત્ન, કલ્પવૃક્ષ, કામધેનુ, કામઘટ આદિથી અરિહંતપદને સિદ્ધપદ સાથે શાશ્વત સુખ અપાવનાર શ્રી નવકાર મંત્ર મહાન છે.

નવકાર મંત્રનો એક અક્ષર સાત સાગરોપમના પાપને, એક પદ પચ્ચાસ સાગરોપમના પાપને, અને આખો નવકારમંત્ર એટલે નવપદ પાંચસો સાગરોપમના પાપોને નાશ કરે છે.

નવકારનો નવલાખ જાપ કરવાથી નરકગતિ દૂર થાય છે. જિનપદ પ્રાપ્ત થાય છે.

પરમ ઉચ્ચ સ્થાને રહે તે પરમેષ્ઠિ કહેવાય એવા પંચ પરમેષ્ઠિ આ સૂત્રમાં છે તેમાં અરિહંત અને સિદ્ધ એ બેને દેવ તરીકે, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણેને ગુરુ તરીકે નમસ્કાર કરવામાં આવ્યા છે.

પંચ પરમેષ્ઠિમાં અરિહંતનો શ્વેત, સિદ્ધનો લાલ, આચાર્યનો પીળો, ઉપાધ્યાયનો લીલો અને

સાધુનો શ્યામ વર્ણ છે.

પંચ પરમેષ્ઠિમાંઅરિહંતના ૧૨ ગુણો, સિદ્ધના ૮ ગુણો, આચાર્યના ૩૬ ગુણો, ઉપાધ્યાયના ૨૫ ગુણો અને સાધુના ૨૭ ગુણો છે. સર્વ મળી ૧૦૮ ગુણો છે. તેની આરાધના માટે નવકારવાળીના ૧૦૮ મણકાની માળા પણ ગણવામાંઆવે છે.

## અરિહંત ભગવાન અને તેમના બાર ગુણોનું વર્ણન.

અરિહંત ભગવાને ચાર કર્મનો ક્ષય કરેલ છે, છતાં નિકટ ઉપકારી હોવાથી, આઠે કર્મના ક્ષય કરનાર સિદ્ધ ભગવાન કરતાં પ્રથમ તેમને નમસ્કાર કરવામાં આવ્યો છ.

**અરિહંત :** રાગદ્વેષરૂપી કર્મ શત્રુને જીતી, ચાર ઘાતીકર્મનો ક્ષય કરી, કેવલજ્ઞાન પામી, ભવ્ય જીવોને બોધ દેતા અથવા બોધ દેવાને વિચરતા, તીર્થંકર ભગવાન તે અરિહંત, તેમના આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશય (અદ્‌ભુત ગુણ) મળીને કુલ બાર ગુણ હોય છે, તે નીચે પ્રમાણે છે...

**૧. અશોક વૃક્ષ :** જ્યાં અરિહંત ભગવાનનું સમવસરણ રચવામાં આવે છે ત્યાં તેમના દેહથી બારગણું આસોપાલવનું વૃક્ષ દેવોવડે રચવામાં આવે છે, તેની નીચે બેસી પ્રભુ દેશના (ધર્મોપદેશ) આપે છે.

**૨. સુરપુષ્પવૃષ્ટિ :** સમવસરણની એક યોજના પ્રમાણ ભૂમિમાં, પાણીમાં અને જમીન ઉપર ઉત્પન્ન થયેલાં પાંચ વર્ણના સુગંધી સચિત્ત ફૂલોની વૃષ્ટિ ઢીંચણ પ્રમાણ દેવતા કરે છે.

**૩. દિવ્ય ધ્વનિ :** ભગવાનની માલકોંશ રાગવાળી વાણી સાથે વીણા, વાંસળી આદિ વાંજીત્રોથી દેવતાઓ સ્વર પૂરે છે.

**૪. ચામર :** રત્નજડિત સુવર્ણની દાંડીવાળા ચાર જોડી શ્વેત ચામરો સમવરસણમાં દેવતાઓ ભગવાનને વીંજે છે.

**૫. આસન :** દેવતાઓ ભગવાનને બેસવા માટે રત્નજડિત સુવર્ણનું સિંહાસન સમવસરણમાંરચે છે.

**૬. ભામંડલ :** ભગવાનના મસ્તકની પાછળ શરદ ઋતુના સૂર્યના કિરણ જેવું ઉગ્ર તેજવાળું ભામંડળ દેવતાઓ રચે છે, તેમાં ભગવાનનું તે જ સંક્રમાય છે. તેમ ન કરે તો ભગવાનના મુખ સામે જોઈ શકાય નહીં.

**૭.દુંદુભિ :** ભગવાનના સમવસરણ વખતે દેવતાઓ દેવદુંદુભિ વગેરે વાજીંત્રો વગાડે છે, તે એમ સૂચવે છે કે – હૈ ભવ્યો ! તમે શિવપુરના સાર્થવાહ તુલ્ય આ ભગવંતને સેવો...!

**૮. છત્ર :** સમવસરણમાં ભગવાન પૂર્વાભિમુખ બેસે છે, અને બીજી ત્રણ દિશામાં દેવતાઓ તે ભગવંતના જ પ્રતિબિંબો સ્થાપે છે. તેમના મસ્તક ઉપર શરદ્‌ચંદ્ર જેવા સફેદ મોતીના હારોથી સુશોભિત ઉપરાઉપર ત્રણ ત્રણ છત્રો રચે છે, તેથી કુલ બાર છત્રો હોય છે. અન્ય વખતે ત્રણ જ છત્ર હોય છે. સમવસરણ ન હોય ત્યારે પણ અરિહંત પ્રભુને આ આઠ પ્રાતિહાર્યો હોય જ છે.

પ્રાતિહાર્ય એટલે જે પ્રતિહારી દરવાજાના રખેવાળ તરીકે પ્રભુ પાસે રહે છે તે.

પ્રભાવસૂચક લક્ષણવાળા, ઉત્કૃષ્ટતાવાળા, વિશિષ્ટ ચમત્કારવાળા અતિશય ચાર છે તે નીચે

પ્રમાણે છે.

**૧. અપાયાપગમાતિશય :** ઉપદ્રવનો નાશ કરનાર અતિશય તે બે પ્રકારે છે. **સ્વાશ્રયી અને પરાશ્રયી** તેમાં... **સ્વાશ્રયી** અતિશય એટલે પોતાના સંઘમાં ઉપદ્રવનો નાશ કરનાર, તે દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે.

**દ્રવ્ય ઉપદ્રવ :** સર્વ પ્રકારના બાહ્ય રોગો.

**ભાવ ઉપદ્રવ :** નીચેના અંતરંગ અઢાર દૂષણ. ૧. દાનાંતરાય. ૨. લાભાંતરાય. ૩. ભોગાંતરાય. ૪. ઉપભોગાંતરાય. ૫. વિર્યાંતરાય. ૬. હાસ્ય. ૭. રતિ. ૮. અરતિ. ૯. ભય. ૧૦. શોક. ૧૧. નિંદા. ૧૨. કામ. ૧૩. મિથ્યાત્વ. ૧૪. અજ્ઞાન. ૧૫. નિદ્રા. ૧૬. અવિરતિ. ૧૭. રાગ. ૧૮. દ્વેષ.

આ અઢાર દૂષણ બીજી રીતે પણ ગણાય છે.

એ રીતે સ્વાશ્રયીઅપાયાપગમઅતિશય જાણવો.

**૧. પરાશ્રયી અપાયાગમ અતિશય :** જેનાથી અન્યના ઉપદ્રવ નાશ પામે. એટલે જ્યાં ભગવાન વિચરે ત્યાં દરેક દિશામાં મળીને સવાસો યોજન સુધી પ્રાય : રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, દુષ્કાળ વગેરે થાય નહિ.

**૨. જ્ઞાનાતિશય :** જેનાથી ભગવાન લોકાલોકનું સર્વ સ્વરૂપ સર્વ પ્રકારે જાણેછે તે, કારણ તેમને કેવલજ્ઞાન છે તેથી કાંઇ પણ તેમની જાણ બહાર રહી શકતું નથી.

**૩. પૂજાતિશય :** શ્રી તીર્થંકર સર્વને પૂજ્ય છે, એટલે કે રાજા, વાસુદેવ, બળદેવ, ચક્રવર્તી, દેવતાઓ અને ઇન્દ્રો વગેરે સર્વ તેમને પૂજે છે. અથવા તેમને પૂજવાની અભિલાષા કરે છે.

**૪. વચનાતિશય :** શ્રી તીર્થંકરની વાણી દેવ, મનુષ્ય અને તિર્યંચ સર્વ પોતપોતાની ભાષામાં સમજે છે, કેમકે તેમની વાણી સર્વ ભાષામાં સમજાય તેવી, સંસ્કારીક પાંત્રીશ ગુણોવાળી હોય છે.

## શ્રી તીર્થંકરની વાણીના ૩૫ ગુણો નીચે પ્રમાણે છે.

૧. સર્વઠેકાણે સમજાય તેવી. ૨. યોજન પ્રમાણ સંભળાય તેવી. ૩. પ્રૌઢ. ૪. મેઘ જેવી ગંભીર. ૫. શબ્દ વડે સ્પષ્ટ. ૬. સંતોષકારક. ૭. હરેક મનુષ્ય એમ જાણે જે મને જ કહે છે એવી. ૮. પુષ્ટ અર્થવાણી. ૯. પુર્વાપર વિરોધ રહિત. ૧૦. મહાપુરુષને છાજે એવી. ૧૧. સંદેહ વિનાની. ૧૨. દૂષણ રહિત અર્થવાળી. ૧૩. કઠીન વિષયને સહેલો કરે એવી. ૧૪. જ્યાં જેવું શોભે તેવું બોલાય. ૧૫. ષટ્દ્રવ્ય અને નવ તત્ત્વને પુષ્ટ કરે એવી. ૧૬. પ્રયોજન સહિત. ૧૭. પદરચના સહિત. ૧૮. છદ્રવ્ય નવતત્વે પટુતા સહિત. ૧૯. મધુર. ૨૦. પારકો મર્મ જણાઇ ન આવે એવી ચતુરાઇવાળી. ૨૧. ધર્મ, અર્થ પ્રતિબદ્ધ. ૨૨. દીપ સમાન પ્રકાશ અર્થ સહિત. ૨૩. પરનિંદા અને પોતાના વખાણ વગરની. ૨૪. કર્તા, કર્મ, ક્રિયા, કાળ, વિભક્તિ સહિત. ૨૫. આશ્ચર્યકારી. ૨૬. વક્તા સર્વ ગુણ સંપન્ન છે એવું જેમાં લાગે તેવી. ૨૭. ધૈર્યવાળી. ૨૮. વિલંબ રહિત. ૨૯. ભ્રાંતિ રહિત. ૩૦. સર્વ પોતે પોતાની ભાષામાં સમજે એવી. ૩૧. શિષ્ટબુદ્ધિ ઉપજાવે એવી. ૩૨. પદના અર્થને અનેકપણે વિશેષ આરોપણ કરી બોલે તેવી. ૩૩. સાહસિક્પણે બોલે એવી. ૩૪. પુનરૂક્તિદોષ વિનાની. ૩૫. સાંભળનારને ખેદ

ન ઉપજે એવી.

## શ્રી અરિહંત ભગવાનને ૩૪ અતિશય હોય છે તે આ પ્રમાણે છે-

૧. શરીર અનંતરૂપમય, સુગંધમય, રોગરહિત, પરસેવારહિત અને મલરહિત હોય. ૨. રુધિર તથા માંસ ગાયના દૂધ સમાન ધોળાં અને દુર્ગંધ વગરનાં હોય. ૩. આહાર તથા નિહાર ચર્મચક્ષુથી અદ્રશ્ય હોય. ૪. શ્વાસોશ્વાસમાં કમળ જેવી સુગંધ હોય. આ ચાર અતિશય જન્મથી જ હોય છે માટે **''સહજાતિશય ''** કહેવાય છે. ૫. યોજન પ્રમાણ સમવસરણમાં મનુષ્ય, દેવ અને તિર્યંચ કોડાકોડી સમાય અને તેમને બાધા થાય નહિ. ૬. ચારે બાજુ પચીસ પચીસ યોજન સુધી પૂર્વોત્પન્ન રોગ ઉપશમે અને નવા રોગ થાય નહિ. ૭. વૈરભાવ જાય. ૮. મરકીથાય નહિ. ૯. અતિવૃષ્ટિ એટલે હદ ઉપરાંત વરસાદ થાય નહિ. ૧૦. સ્વચક્ર એટલે પોતાના રાજય તરફથી, પરચક્ર એટલે પરરાજય તરફથી ભય ન હોય. ૧૩. ભગવંતની વાણી દેવ, મનુષ્ય અને તિર્યંચ પોતપોતાની ભાષામાં સમજે. ૧૪. એક યોજન સુધી સરખી રીતે ભગવંતની વાણી સંભળાય. ૧૫. સૂર્યથી બાર ગણું તેજવાળું ભામંડળ પ્રભુની પાછળ મસ્તક પાસે હોય. ૫ થી ૧૫ સુધીના ૧૧ અતિશય કેવળજ્ઞાન થાય ત્યારે થાય તેથી તે **''કર્મક્ષયજાતિશય''** કહેવાય છે. ૬ થી ૧૨ સુધીના ૭ રોગાદિ ઉપદ્રવો ભગવાન વિહાર કરે ત્યારે પણ ચારે દિશાએ ૨૫–૨૫ યોજન સુધીના હોય. ૧૬. આકાશમાં ધર્મચક્ર હોય. ૧૭. બારજોડી (૨૪) ચામર અણવીંજયા વીંજાય. ૧૮. પાદપીઠ સહિત સ્ફટિકરત્નનું ઉજ્જવલ સિંહાસન હોય. ૧૯. ત્રણ છત્ર (સમવસરણ વખતે દરેક દિશાએ) હોય ૨૦. રત્નમય ઈન્દ્ર ધ્વજ હોય. ૨૧. નવસુવર્ણ કમળ ઉપર ચાલે ' બે ઉપર પગ મૂકે અને સાત પાછળ રહે તેમાંથી વારાફરતી બે બે આગળ આવે. ૨૨. મણી સુવર્ણ અને રૂપાના એ રીતે ત્રણ ગઢ હોય.૨૩. ચાર મુખે કરી ધર્મદેશના આપે છે એમ દેખાય. ''પૂર્વ દિશા સામે ભગવંત બેસે, બાકીની ત્રણ દિશાએ ત્રણ પ્રતિબિંબ વ્યંતરદેવ સ્થાપે.'' ૨૪. સ્વશરીરથી બાર ગણું ઉંચુ અશોક વૃક્ષ, છત્ર, ઘંટા, પતાકા આદિથી યુક્ત હોય. ૨૫. કાંટા અધોમુખ એટલે અવળા થઇ જાય. ૨૬. ચાલતી વખતે સર્વવૃક્ષ નમી પ્રણામ કરે. ૨૭. ચાલતી વખતે આકાશમાં દુંદુભિ વાગે. ૨૮. યોજન સુધીમાં અનુકૂળ વાયુ હોય. ૨૯. મોર વગેરે સારા પક્ષીઓ પ્રદક્ષિણા કરતાં ફરે. ૩૦. સુગંધીજળની વૃષ્ટિ થાય. ૩૧. જળ–સ્થળમાં ઉપજેલાં પાંચવર્ણવાલા સચિત્ત ફુલની ઢીંચણ સુધી વૃષ્ટિ થાય. ૩૨. કેશ, રોમ, દાઢી મૂછના વાળ અને નખ ''દિક્ષા લીધા પછી''વધે નહિ. ૩૩. સર્વ ઋતુઓ અનુકૂળ રહે. ૩૪. જઘન્યથી કોટી દેવતાનો પરિવાર હોય.

આ છેલ્લા ૧૬ થી ૩૪ સુધીના ૧૯ અતિશયો દેવતા કરે તેથી ''દેવકૃતાતિશય'' કહેવાય છે.

અન્ય દેવો કરતાં શ્રી અરિહંત પરમાત્માની વિશેષતા બતાવવા માટે શાસ્ત્રકારોએ પાંત્રીશ અતિશયોનું વર્ણન કર્યું છે. બધા મળીને ચોત્રીશ અતિશયોનો બાર ગુણોમાં સમાવેશ કરી તેને શ્રી અરિહંત પરમાત્માના બાર ગુણો તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

## સિદ્ધ ભગવાન અને તેમના આઠ ગુણોનું સ્વરુપ :-

આઠ કર્મનો ક્ષય કરી જેણે અંતિમ સાધ્ય એવું જે મોક્ષ પદ સાધ્યું છે તે **સિદ્ધ**. સિદ્ધ ભગવાનનાં આઠ ગુણ નીચે પ્રમાણે છે.–

**૧. અનંતજ્ઞાન :** જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી અંત વિનાનું કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેનાથી સર્વ લોકાલોકનું સ્વરૂપ સમસ્ત પ્રકારે જાણે છે.

**૨. અનંતદર્શન :** દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી અંતવિનાનું કેવલદર્શન પ્રાપ્ત થાય છે. તેનાથી લોકાલોકનું સ્વરૂપ દેખે છે.

**૩. અવ્યાબાધ :** દેવનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડા રહિત નિરુપાધીપણું પ્રાપ્ત થાય છે.

**૪. અનંતચારિત્ર :** મોહનીય કર્મનો ક્ષય થવાથી અનંત ચારિત્ર ગુણ પ્રાપ્ત થાય છે, તેમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે.

**૫. અક્ષયસ્થિતિ :** આયુષ્ય કર્મનો ક્ષય થવાથી કદી નાશ ન થાય તેવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિની આદિ છે પણ અંત નથી તેથી તેમની સ્થિતિ ''સાદિ છતાં અનંત'' કહેવાય છે.

**૬. અરૂપીપણું :** નામકર્મનો ક્ષય થવાથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત થાય છે. કેમકે શરીર હોય તો જ વર્ણાદિક હોય છે. પણ સિદ્ધને શરીર નથી તેમને અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

**૭. અગુરુલઘુ :** ગોત્ર કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે, તેથી ભારે હળવો કે ઉચ્ચ–નીચપણાનો વ્યવહાર રહેતો નથી.

**૮. અનંતવીર્ય :** અંતરાય કર્મનો ક્ષય થવાથી અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય એ ગુણો પ્રાપ્ત થાય છે. એટલે તેમને અનંત શક્તિ પ્રાપ્ત થાય છે. સમસ્ત લોકને અલોક અને અલોકને લોક કરી શકે તેવી શક્તિ સ્વાભાવિક રીતે સિદ્ધમાં રહેલી છે. છતાં તેવું વીર્ય કદી ફોરવતા નથી અને ફોરવશે નહી, કેમકે પુદ્ગલ સાથેની પ્રવૃત્તિ એ તેમનો ધર્મ નથી, એ ગુણથી પોતાના આત્મિક ગુણો છે તેવાને તેવા રૂપે ધારી રાખે, ફેરફાર થવા દે નહિ. એ પ્રકારે સિદ્ધના આઠ ગુણો થયા.

# માનવ ભવની દુર્લભતા

## દૃષ્ટાંત : ૧

એક હતું ગામડું....

સંયોગથી આ ગામડામાં એક સાધુ અને એક ઠાકુર બાજુબાજુમાં રહેતા હતા... એકદા ઘણી રાત્રીના છેલ્લા પ્રહરમાં બન્નેએ એકજ સ્વપ્ન નિહાળ્યું– ''પૂર્ણ ચન્દ્રને તેઓ ગળી ગયા છે આવું સ્વપ્ન નિહાળતાં બન્નેની આંખ ખુલી ગઇ.''

સાધુ તરત ઉઠીને દોડ્યો મહન્તની પાસે... એમની પાસે જઇને કહ્યું – '' ગુરુજી ! આજે સ્વપ્નમાં મેં સંપૂર્ણ ખીલેલા ચન્દ્રને મુખમાંથી ગળી ગયાનું નિહાળ્યું... ગુરુજી ! મને આનું શું ફળ મળશે ?''

ગુરુજી ભોજનાનંદિ હતા... એમણે સ્વપ્ન ફળ જણાવતાં કહ્યું – '' બેટા ! આજે અતિ ઉત્તમ સ્વપ્ન જોઇને તું જાગ્યો છે તેથી તને અવશ્ય સુંદર ફળ મળશે... આજે તને ભિક્ષામાં ઘી થી લથપથ આખે આખો રોટલો મળશે...

અને બરોબર સાધુને ભિક્ષામાં આવો જ ઘી થી લથપથ રોટલો મળ્યો એટલે એ રાજી થઇ ગયો..

બાજુમાં ઠાકુર આ બધું સાંભળીને વિચારે છે ''ના, આવા ઉત્તમ સ્વપ્નનું આવું અલ્પ ફળ ન હોય કાંઇક સવિશેષ ફળ મળવું જોઇએ.''

ઠાકુર આગળ ગયો જ્ઞાની ગુરુ મળતાં રૂપા નાણાથી એમની ચરણ પૂજના કરી સ્વપ્નની વાત જણાવી ફળ પૂછ્યું જ્ઞાની ગુરુ ભગવંતે એનો  વિનય અને નમ્ર સ્વભાવ નિહાળ્યો અને પ્રસન્ન થઇને કહ્યું– ''મહાનુભાવ ! આપનો પુણ્યોદય શીઘ્રમાં જ થવાનો છે... તમે રાજ્યના સ્વામી બનશો.''

ફરી ગુરુ ચરણોમાં નમસ્કાર કરી ઉપાશ્રયની બહાર જ્યાં પગ મૂક્યો ત્યાં હાથિણીએ એના મસ્તકે અભિષેક કરી એને સમ્રાટ પદે પહોંચાડી દીધો....

નગરમાં ઠાકુરના સ્વપ્નની વાત થવા લાગી... થોડા સમયમાં વાત બધી જગ્યાએ ફેલાઇ ગઇ. સાધુ ઠાકુરને રાજસિંહાસન ઉપર બિરાજમાન થયેલો જાણી આશ્ચર્ય પામે છે.

સાધુ રાજ્યપ્રાપ્તિની ઇચ્છાથી ઘણીવાર સુતો...

ઘણી વાર જાગ્યો....

પણ બીજી વખત એને ચંદ્ર દર્શન ન જ થયા...

માનવ ભવના મહત્વને અને એની દુર્લભતાને સમજાવતાં જિનેશ્વર પરમાત્માના શાસ્ત્રો કહે છે– સાધુને માટે ફરીથી ચન્દ્રનું સ્વપ્ન જોવું હજી સંભવિત છે પણ નરભવ પામી જેમણે એળે ગુમાવ્યોએમના માટે ફરી માનવભવની પ્રાપ્તિ દુર્લભ છે.

## દૃષ્ટાંત : ૨

એક હતો કાચબો...

મોટા... વિશાલ જલાશયમાં એનું નિવાસસ્થાન...

એકદા અચાનક એને શરદપૂનમના ચંદ્રના દર્શન થયા...

ચંદ્ર દર્શનથી અત્યંત આનંદ પામ્યો...

એના મનમાં વિચાર આવ્યો. '' આવા મનોહર ચંદ્રના દર્શન કરાવી મારા પરિવારને પણ આનંદિત કરું.'' એણે પાણીના ઉંડાણમાં પ્રવેશ કર્યો અને થોડા સમયમાં પોતાના પરિવારને લઈ આવ્યો પણ આટલા સમયમાં હવાના ઝોકાંથી પાણી ઉપર શેવાળનું (લીલું) આવરણ આવી ગયું.... કાચબાને ઘણો જ અફસોસ થયો...

એ પોતાના પરિવારને શરદપૂનમના ચન્દ્રનું દર્શન ન કરાવી શક્યો... કાચબો દરરોજ ચન્દ્રને જોવા પ્રયત્ન કરે છે પણ લાખ પ્રયત્ન છતાં સેંકડો વર્ષ વીતી ગયા છતાં એ શરદચન્દ્રના દર્શન ન થઈ શક્યા... દેવાધિદેવ અરિહંત પ્રભુનું શાસન કહે છે '' કદાપિ વિશેષ પ્રયત્ન કરવામાં આવે તો કાચબો પોતાના પરિવારને શરદ પૂનમના ચન્દ્રના દર્શન કરાવી શકે પણ જે જીવો એકવાર માનવ ભવ પામીને પોતાનું અણમોલ જીવન વ્યર્થ નષ્ટ કરી નાંખે છે એમને ફરીથી માનવ ભવની પ્રાપ્તિ અત્યંત દુર્લભ હોય છે.

## દૃષ્ટાંત : ૩

એક દેવ છે...

પોતાની દૈવી શક્તિથી એક મોટા થાંભલાનો પાવડર બનાવે છે...

આ છૂટા પાડેલા અણુના પાવડરને એક નલીમાં ભરીને મેરુ પર્વત ઉપર જાય છે.

મેરુ પર્વત ઉપર ચઢીને દસ દિશામાં આ પાવડર ફૂંક મારી મારીને વિખેરી નાખે છે... પછી કોઈ આજ્ઞા કરે કે હવે સ્તંભ જેવો હતો તેવો એજ અણુઓનો બનાવી દો તો શું બનાવી શકાય છે ?

દેવોને પણ પૂજનિય એવા દેવાધિદેવ અરિહંત પરમાત્માનું શાસન કહે છે. –

''સંભવિત છે કે કોઈ સિદ્ધ પુરુષ વિખરાયેલા અણુઓને જોડીને ફરી એવો જ સ્તંભ બનાવી આપે. પણ જો વ્યક્તિ પોતાના મહામુલા માનવ ભવને પામીને હારી જાય છે તેને માટે ફરી મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ છે.

## દૃષ્ટાંત : ૪

એક હતો ઝવેરી... તેઓ હિરાઓની પરીક્ષા કરતાં બહુમુલ્ય હિરાઓનો સંગ્રહ કરતાં... એકદા કોઈ કાર્ય-પ્રસંગે એમને પરદેશ જવું પડ્યું... પરદેશથી પાછા ફર્યા... ઘરે આવતાં જાણ થઈ કે એમના પરદેશમાં રોકાણ દરમ્યાન એમના સુપુત્રો એ અણમોલ રત્નો પાણીના ભાવમાં દૂર દૂર દેશથી આવેલા વેપારીઓને વેંચી નાંખ્યા છે... ઝવેરી અત્યંત રોષે ભરાયો... એમણે દિકરાઓને આદેશ આપ્યો... ''જાઓ, હમણાંને હમણાં વેપારીઓ પાસે જઈને મારા રત્નો પાછા લાવો... જયાં સુધી રત્ન ન લાવો ત્યાં સુધી મારા ઘરમાં પગ પણ મુકશો નહીં...''

દિકરાઓ મુંઝાયા... પિતાનો આદેશ પામીને દૂર દૂર દેશોથી આવેલા વેપારીઓને શોધવા લાગ્યા... એમનું સરનામું... નામ-ઠામ મેળવવા પ્રયાસ કરવા લાગ્યા... પણ કોઈ પત્તો લાગ્યો નહીં..

દેવાધિદેવ શ્રી જિનેશ્વર પરમાત્માના શાસ્ત્રો કહે છે કે ''કદાપિ આજે નહી તો કાલે દૂર દૂર દેશના વેપારીનો પત્તો લાગી શકે... રત્નો પાછા મળી શકે છે પણ પ્રમાદવશ આત્મસાધના વિના જે પ્રાણીઓ પોતાનો માનવ ભવ નષ્ટ કરી નાંખે છે એમના માટે ફરીથી માનવ ભવની પ્રાપ્તિ દુર્લભ છે...''

## દૃષ્ટાંત : ૫

આ છે મથુરા નગરી...

નામ છે સમ્રાટ જિતશત્રુ...

એમણે એક પ્રતિજ્ઞા લીધી- ''હું મારી રાજકુમારી એ જ રાજકુમારને આપીશ જે રાધાવેધમાં સફળ થશે...''

દૂરદૂર દેશોમાં સમાચાર મોકલ્યા... હજારો રાજકુમાર આવ્યા...

બધા જ રાજકુમારોએ ઉકળતા તેલથી ભરેલા કડાયામાં જોઈને બાજુના થાંભલા ઉપર આઠ ફરતા ચક્રોની વચ્ચેથી ફરતી રાધાની... લાકડાની પુતરળીના આંખની કાળી કીકીને છેદવાનો પ્રયાસ કર્યો, પરંતુ આ રાધાવેધ કલામાં એક પણ રાજકુમારને સફળતા ન મળી...

દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર ભગવાનના વચનાનુસાર વિશેષ સાધનાથી રાધાવેધમાં સફળતા મળવી સંભવિત છે પરંતુ જે માનવી મળેલા માનવભવને પ્રમાદથી ભૌતિક મોજમજામાં વેડફી નાંખે છે એમને ફરીને માનવભવ મળવો અત્યંત દુર્લભ છે.

કેવો દુર્લભ છે આ માનવભવ !

પણ આપણને મળી ગયો સહજતાથી !

ના.... ના... આવું નહી માનતા... જાણતાં કે અજાણતાં આપણે પૂર્વ ભવે ક્યાંક કોક સુંદર સત્કાર્ય કરીને જ આવ્યા છીએ... એટલે જ ફરી સત્કાર્ય કરવા માટે અનુકુલ વાતાવરણ તથા શક્તિ

મળી છે... આવી મળી ગયેલી અપૂર્વ સામગ્રીને, ઓ માનવી ! વૃથા ગુમાવીશ, ફરી ફરી જીવનને સફળ બનાવવાનો આવો અવસર પ્રાપ્ત થવો જીવ માટે દુર્લભ છે....

સત્કાર્ય દ્વારા મળેલા આ જીવનમાં સત્કાર્યોની પરંપરા... એમાંથી સદ્ગતિની પરંપરા અને અંતે એનાજ દ્વારા સિદ્ધિના શિખરને સર કરવાનું સૌભાગ્ય તારા લલાટે લખાઇ જાય એ માટે પ્રમાદને ત્યાગી... જાગૃત બની... સાવધાન બની.... સાચી પ્રવૃત્તિમાં લાગી જા...

## દષ્ટાંત : ૬ (ભોજનનું દષ્ટાંત (ચૂલાનું)

એ હતો ચક્રવર્તી... છ ખંડનો અધિપતિ...

એકદા એક ભિક્ષુકનું પુણ્ય જાગ્યું... ચક્રવર્તી એના ઉપર પ્રસન્ન થયો...

કહિ દિધું... ''માગ, માંગ, આજે હું તારા ઉપર પ્રસન્ન થયો છું... જે જોઇએ તે માંગી લે...''

''આંધળો માગે આંખ અને ભુખ્યો માગે ભાત.'' અનુસાર આ ભિક્ષુક ઉપર પ્રસન્ન થયેલા ચક્રવર્તી પાસે ભિક્ષુકે વરદાન માંગતા કહ્યું – ''મારે વધારે કાંઇ જોઇતું નથી બસ, દરરોજ પેટ ભરીને ભોજન મળી જાય એવી કાંઇક ગોઠવણ કરી આપો.''

પ્રસન્ન ચક્રવર્તીએ વાતનો સ્વીકાર કરીને છ ખંડના નાગરીકો સમક્ષ ઘોષણા કરાવી કે દરરોજ એક એક ઘરમાંથી આ ભિક્ષુકને પેટ ભરીને ભોજન મળવું જોઇએ.... અને એનો શુભ પ્રારંભ પોતાના રાજપ્રાસાદમાંથી કર્યો...

નગર–ઉપનગરોમાં ભોજન કરતાં વરસોના વહાણાં વીતી ગયા પણ ભિક્ષુકને ક્યાંય ચક્રવર્તીના રાજપ્રાસાદમાંથી મળેલા ભોજન જેવું ભોજન ન મળ્યું... ભિક્ષુકના મનમાં હવે ફરીથી ચક્રવર્તીના ભોજનની ચટપટી જાગી... પરંતુ એ ભોજન મેળવવા છ ખંડના બધાય નાગરિકોના ઘરમાં ભોજન કરી લેવું અનિવાર્ય છે...

દેવાધિદેવ અરિહંત પરમાત્માનું શાસન કહે છે–

''આ ભિક્ષુકને કોઇ વિશેષ પ્રસંગ નિમિત્તે અથવા યાચના–પ્રાર્થના કરતાં કદાચિત ચક્રવર્તીના ઘરે જમવાનું સૌભાગ્ય પ્રાપ્ત થઇ શકે છે પરંતુ પ્રમાદવશ થઇને જે વ્યક્તિ હાથમાં આવેલા મનુષ્યભવને વ્યર્થ ગુમાવી દે છે એને ફરીથી મનુષ્ય ભવની પ્રાપ્તિ ઘણી જ દુર્લભ છે.

## દષ્ટાંત : ૭ (સિદ્ધપાસાનું દષ્ટાંત)

એક જુગારી હતો...

રાત–દિવસ જુગાર રમવામાંજ વીતાવતો હતો....

પણ એના જીવનની એક વિશેષતા હતી...

એ જુગારી ક્યારેકય... કોઇની સામે પણ હારતો જ નથી... રમતાં જીત હમેંશા એની જ હોય...

કારણ...?

કારણ એની પાસે સિદ્ધ પાસા હતા... સિદ્ધ પાસના બળથી એને ધારી સફળતા મળીને જ રહેતી... ઘણાં આવતાં જુગારી હરાવવા પ્રયત્ન કરતાં પણ સ્વયં હારીને જ ત્યાંથી વિદાય લેતા... પ્રભુ વીતરાગનું શાસન કહે છે કદાચિત કોઇ વિશેષ સિદ્ધિ મેળવીને... દૈવી સહાયતાથી આ જુગારીને હરાવી શકાય... જીત મેળવી શકાય પણ મળેલા માનવ ભવને આત્મસાધના વિના જેમણે અસફળ બનાવ્યો છે... વ્યર્થ ગુમાવ્યો છે એમને ફરીથી માનવભવની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે...

## દૃષ્ટાંત : ૮ (જુગટાનું દૃષ્ટાંત)

એક હતી નગરી... નામ હતું રત્નપુર...

એક હતો રાજા... નામ હતું શતાયુધ...

એકદા રાજાના ગુપ્તચરો વિચિત્ર સમાચાર લઇ આવ્યા...

એમણે રાજાને કહ્યું–

''રાજન્ આપના સુપુત્ર (?) રાજકુમાર આપને મારીને આપની હત્યા કરીને રાજ્ય ગ્રહણ કરવા ઇચ્છે છે.''

રાજા વાત સાંભળી વિચારમાં પડ્યા... ''શું કરવું?'' એમને સમજાતું ન હતું... સંસારમાં જીવો સત્તા... સંપત્તિ અને સ્વાર્થ ખાતર કેવી કેવી રમતો રમી શકે એનો એમને ખ્યાલ આવી ગયો... આવા પ્રપંચમાંથી બચવા એણે એક ઉપાય શોધી કાઢ્યો... એક દિવસ રાજકુમારને બોલાવ્યો... બોલાવી પ્રેમથી પોતાની પાસે બેસાડી કહ્યું – ''બેટા! રાજ્યસત્તાને ગ્રહણ કરવા...રાજ્ય મેળવવા આપણે ત્યાં એક શરત રાખવામાં આવે છે... આ શરતની પૂર્તિ જે કરે છે એ ભાગ્યશાળી ગણાય છે અને એ રાજ પામે છે....

રાજકુમારે પુછે છે – ''પિતાજી ! આ કેવી શરત છે ?''

રાજાજી એ રાજકુમારને કહ્યું –

''બેટા ! આપણી રાજ્યસભામાં રહેલા ૧૦૮ ખુણાવાળા ૧૦૮ થાંભલાને જે વચમાં હાર્યા વગર મારી પાસેથી અખંડ જીતશે એને હું સહર્ષ આ રાજ્ય અર્પણ કરીશ.

રાજાની વાત સાંભળી રાજકુમારની બુદ્ધિ બહેર મારી ગઇ... એ કાંઇપણ જવાબ ન આપી શક્યો...

પરમ પરમાત્મા શ્રી અરિહંત કહે છે કે ''કોઇ વિશિષ્ટ સાધનાના બળથી રાજાને સહજમાં જીતી શકાય પણ જે જીવો પુણ્યથી પામેલા માનવભવને વેડફી નાંખે છે એમને ફરીથી આવા માનવભવની પ્રાપ્તિ દુર્લભ છે....

## દૃષ્ટાંત : ૯ (ધાન્ય રાશીનું દૃષ્ટાંત)

અનેક પ્રકારના ધાન્યથી ભરેલી ધરતિ છે...

જો આ સર્વ ધાન્ય એકત્ર કરવામાં આવે... અને એમાં ફક્ત એકજ મુઠ્ઠી સરસવ ભેળવી દેવામાં આવે... બરાબર હલાવી દેવામાં આવે... પછી એક અત્યંત વૃદ્ધ ડોસીમાં જેમની નજર પણ મંદ છે એવીને બોલાવીને આજ્ઞા કરવામાં આવે કે –

''માતાજી ! તમે આ અનાજમાંથી જલ્દીથી જલ્દી સરસવના દાણા અલગ વીણીને કાઢી આપો.'' શું એ વૃદ્ધ ડોસીમાને એમાં સફળતા મળશે ?'' કદાપી નહીં''

દેવાધિદેવ શ્રી જિનેશ્વર ભગવંત કહે છે કે–

''કોઇ વિશેષ પ્રયોગ દ્વારા આ અનાજના ઢેરમાંથી કદાચિત સરસવ સહજતાથી દૂર કરી શકાય. જુદા વીણી શકાય... પણ એકવાર મળેલા મનુષ્ય ભવને જે જીવો પ્રમાદમાં અને અકાર્યમાં વિષય અને કષાયમાં વેડફી નાંખે છે એમને ફરીથી માનવ ભવ હાથ લાગવો અત્યંત દુર્લભ છે....

## દૃષ્ટાંત : ૧૦ (યુગ-શમીલાનું દૃષ્ટાંત)

**જગજીવન જિનજી ! સાંભળો, દશ દૃષ્ટાંતે દોહિલો;**
**અતિ ભલો, નરભવ કાળ ઘણે લહ્યો એ...**

હે જગતના જીવનરૂપ જિનેશ્વર ભગવાન મારી વાત સાંભળો, ઘણો કાળ ભટકતાં દશ દૃષ્ટાંતથી દુર્લભ અતિ ઉત્તમ માનવભવ અત્યારે મહાપુણ્યના ઉદયથી હું પામ્યો છું.ધર્મના સાધનો જેટલા મનુષ્યભવમાં પ્રાપ્ત થઇ શકે છે એટલા અને એવા બીજી કોઇ ગતિમાં પ્રાપ્ત થવા સંભવ નથી.

વિશ્વની ભૌતિક સમૃદ્ધિમાં જેમની બરોબરી કોઇ ન કરી શકે એવા અનુત્તરવાસી દેવો પણ માનવ ભવની ઝંખના રાખે છે... ઉત્કૃષ્ટ એવા વિરતિ ધર્મની પ્રાપ્તિ માનવ માટે સુલભ છે. જ્યારે દેવો માટે એ વિરતિ ધર્મ દુર્લભ નહી પણ અસંભવિત છે, વિરતિ ધર્મના અભાવે ભૌતિક સુખની પરાકાષ્ટામાંપણ આ દેવોને દુઃખનું વેદન થાય છે. જેઓ મહાન એવા માનવભવ અને વિરતિધર્મને પામ્યા છતાં ધર્મ આરાધનાથી વંચિત રહી જાય છે તે મુર્ખ શિરોમણી છે.

અતિ પરિશ્રમ કરીને મેળવેલા ચિંતામણીરત્નને અજ્ઞાનતાથી ખોઇ નાખનાર માનવી જેમ સદા દરિદ્રતાથી પીડાય છે... દુઃખી–દુઃખી થઇ જાય છે... તેવી જ રીતે અત્યંત કષ્ટથી મેળવેલા દુર્લભ માનવ જીવનને પામ્યા છતાં વાસ્તવિક ધર્મની આરાધના વિના જે જીવો મનુષ્યભવને ગુમાવી દે છે તેઓને અનંતકાળ પર્યંત સંસારમાં વિવિધ પ્રકારના કષ્ટો વેઠવા પડે છે.

મનુષ્યપણાની દુર્લભતા આપણા જેવા અજ્ઞાની, મોહાંધ જીવોને સમજાવવા અનંત ઉપકારી મહાપુરુષોએ દશ દષ્ટાંત બતાવ્યા છે...

યુગ એટલે ધોસરૂં અને શમીલા એટલે તેમાં નાખવાની ખીલી...

આપણે રહીએ છીએ તે જંબુદ્વિપ છે.. આ જંબુદ્વિપ એક લાખ યોજનનો છે... તેની ચારે બાજુ ફરતું પાણી છે... તે લવણ સમુદ્ર તરીકે ઓળખાય છે... આ લવણ સમુદ્ર બે લાખ યોજન પહોળાઇવાળો છે... લવણસમુદ્રની પરિધિ લગભગ સોળ લાખ યોજનની છે... વચમાં પાણીની શિખા સોળ હજાર યોજન ઉંચી છે. નીચે ચાર મોટા પાતાલ કલશ છે... તે પાતાલ કળશમાં પવનના જોરથી પાણીની શિખા ઉંચે ને ઉંચે વધતી જાય છે....

આ લવણ સમુદ્રમાં કોઇ દેવતા રમતની ખાતર પૂર્વ અને પશ્ચિમ છેડા ઉપર એક તરફ ધોસરૂં અને બીજી તરફ શમીલા નાખે... આવી રીતે વિરૂદ્ધ દિશામાં નાંખેલ ધોસરૂં અને શમીલાને ભેગા થઇ જવાની ઇચ્છા રાખે તો શું એ સંભવિત છે ?

દેવ કદાચિત એવી ઇચ્છા રાખે પણ પાણીનો પ્રવાહ અને સતત ચાલતો પવનનો ઝપાટો એ બન્નેને કદાપિ ભેગા થવા દે નહિં... જયા બન્ને ભેગા ન થઇ શકે ત્યાં ધોસરામાં ખીલી પેસી જ ન શકે.

દેવાધિવેદનું શાસન કહે છે કદાચિત કોઇ ચમત્કાર થાય તો ધોસરૂં અને ખીલી ભેગા મળી શકે... ધોસરામાં ખીલી પેસી શકે પણ અતિ વિકરાળ એવા આ સંસારસાગરમાં એક વખત માનવભવ હાથમાંથી ચાલ્યો જાય તો એની પ્રાપ્તિ મહાદુર્લભ છે...

આ દસ દષ્ટાંત સમજીને મળેલા માનવ જીવનની દુર્લભતાનો વિચાર કરવો જોઇએ. મળેલો માનવભવ નિષ્ફળ ન જાય એની વિશેષ કાળજી રાખવી આવશ્યક છે... હે માનવી! વિશ્વની સઘળી ધન-દોલત-સંપત્તિ એકત્ર કરવામાં આવે તોપણ એક દિવસના મનુષ્યજીવનની કિંમત વધારે છે.. આવી અણમોલ વસ્તુ પામ્યા પછી... અનુત્તરવાસી દેવો પણ ઝંખે છે જેને આવો માનવભવ પ્રમાદ અને વિષય કષાયમાં વેડફાઇ ન જાય એ માટે આપણે સહુ જાગૃત બની આરાધનામાં લાગી જઇએ.

# જીવ-વિચાર-૧

**ક્ષણિક સુખ હોય કે શાશ્વત સુખ હોય... ભોગનું સુખ હોય કે યોગનું સુખ હોય...**

એની પ્રાપ્તિનો ઉપાય શું ? એનો જવાબ આપતા શાસ્ત્રકારો કહે છે ''વિશ્વની તમામે પુણ્યપ્રકૃતિ અને પ્રાંતે મુક્તિની પ્રાપ્તિમાં કોઇ પ્રબળ તત્ત્વ કામ કરતું હોય તો તે છે સકળ જીવરાશિની હિતચિંતાનો અદ્‌ભુત અધ્યવસાય!''

કેટલી સુંદર... મજાની વાત છે... વિશ્વના જીવોના હિતની સુખની... શાંતિની... વિચારણા કરો. ચિંતન કરો અને એના દ્વારા ક્ષણિક અને શાશ્વત સુખને પ્રાપ્ત કરો. જીવમાત્રનું જીવત્વ અમુલ્ય છે. એના મુલ્ય ક્યારે પણ આંકી શકાતા નથી. હીરા..પન્ના... મોતી... માણેક... બધાના મુલ્ય થઇ શકે. આ બધાને પૈસાના તરાજુ ઉપર તોલી શકાય છે. પરંતુ દુનિયામાં એવી એકે વસ્તુ નથી જેનાથી જીવના જીવત્વને તોલી શકાય...

જીવ કિડીનો હોય કે કૂંજરનો... માનવનો હોય કે દાનવનો... નરકનો હોય કે તિર્યંચનો... જીવ માત્રનું જીવત્વ અણમોલ છે કારણ જીવત્વ એ સિદ્ધત્વની ખાણ છે. સિદ્ધત્વ એ વિમલ... નિર્મલ... શુદ્ધ સુવર્ણ છે. તો જીવત્વ એ સમલ.. અશુદ્ધ સુવર્ણ છે. (ઇમપ્યુર ગોલ્ડ) બન્ને છે તો સુવર્ણ સિદ્ધત્વની ખાણ જીવત્વ છે. એ જીવત્વના ધારક જીવો પ્રત્યે જાણતાં અજાણતાં અન્યાય ન થઇ જાય... એમના પ્રત્યે બેદરકારી, દ્વેષ દુર્ભાવ ન થઇ જાય એ માટે સાધકે સાવધાન રહેવાનું છે. એ માટે સાધકની પાસે ''જીવ વિચાર''નું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે.

જીવનમાં જો એક વખત જીવોની ઓળખાણ થઇ જાય... એમનામાં રહેલા જીવત્વમાં સિદ્ધત્વ પામવાની રહેલી શક્તિના દર્શન થઇ જાય પછી એને ભિખારીમાં પણ ભાવિ સિદ્ધના દર્શન થશે. કૂતરા, બિલાડી, મચ્છર, માખી, ઇયળ, અળસિયા, માટી, પાણી અગ્નિ બધામાં અનંત જ્ઞાન... દર્શન... ચારિત્ર અને વીર્ય ભરેલા આત્માના દર્શન થશે... બધાના હિતચિંતનની ભાવના જાગશે. જીવમાત્રના જીવત્વના હિતચિંનરૂપ શુભ ભાવનામાં તીર્થંકરત્વ જેવી મહાન વસ્તુ ભેટ ધરવાનું... પેદા કરવાનું સામર્થ્ય છે.

ચાલો ! તો આપણે સહુ આગમના અગાધ દરિયામાંથી આપણા માટે સંક્ષિપ્તમાં મુકેલા ''જીવ-વિચાર''નું અધ્યયન કરી, જીવો માટે શુભ અધ્યવસાયના સ્વામિ બનવાનો પુરૂષાર્થ આદરીએ.

પૂજ્યપાદ શાંતિસૂરીશ્વરજી મ. જીવ-વિચારનો પ્રારંભ કરતા કહે છે-

**भुवण पइवं वीरं, नमिउण भणामि अबुह बोहत्थं ।**
**जीव सरुवं किंचिवि, जह भणियं पूव्वसूरीहिं ।। १ ।।**

**ગાથાર્થ :-** ત્રણ ભુવનમાં દીપક સમાન, એવા શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને અજ્ઞાની જીવોના બોધને માટે પૂર્વના આચાર્યોએ કહ્યું છે તેમ હું જીવના સ્વરૂપને કાંઇક કહીશ.

પ્રત્યેક રચનામાં રચયિતા પ્રથમ ગાથામાં દેવ-ગુરુ ને વંદન કરી માંગલિક કરે છે તથા રચનાનો હેતુ-સંબંધ અને વિષય જણાવે છે. અહીંપણ પૂજ્યપાદ શાંતિસૂરિજી મહારાજાએ આ ક્રમ જાળવ્યો છે.

ત્રણ ભુવનમાં દીપક સમાન દેવાધિદેવ મહાવીરસ્વામિને વંદના કરીને ગ્રંથની નિર્વિઘ્ને પૂર્ણાહૂતિ માટે માંગલિક કર્યું છે.

ગ્રંથનો હેતુ જણાવતા કહે છે અજ્ઞાની જીવોના બોધને માટે આ ગ્રથની રચના કરી છે.

ગ્રંથનો વિષય જણાવતા કહે છે કે સંક્ષેપથી જીવનું સ્વરૂપ કહીશ અને એનો સંબંધ બતાવતા કહે છે પૂર્વે થઇ ગયેલા આચાર્ય ભગવંતોએ જે કહ્યું તે જ કહીશ.

આવો ! આપણે આપણા અજ્ઞાનને દૂર કરવા... વિષય અને સંબંધને નજર સમક્ષ રાખી શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને ભાવથી વંદન કરી. માંગલિક પૂર્વક આગળ વધીએ જીવના સ્વરૂપને જાણીએ...

**जीवा मुत्ता संसारिणोय, तस थावरा य संसारी ।**
**पुढवी जल जलण वाऊ , वणस्सइ थावरा नेया ।। २ ।।**

**ગાથાર્થ :–** જીવોના મુક્ત અને સંસારી એમ બે ભેદ છે. સંસારી જીવોના ત્રસ અને સ્થાવર એમ બે ભેદ છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય તથા વનસ્પિતિકાય એવા સ્થાવરનો ભેદ છે.

વિશ્વમાં રહેલા સર્વ જીવોને બે ભાગોમાં વિભાજીત કરી શકાય


(૧) એક જેઓ ચાર ગતિમય સંસારના પરિભ્રમણથી... જન્મ મરણથી... અને કર્મની રજથી સર્વથા મુક્ત થઇ ગયા છે. ચૌદ રાજલોકની ઉપર સિદ્ધશીલા ઉપર બિરાજમાન છે. આ જીવો મોક્ષના જીવો છે. જે **''મુક્ત''** ના નામથી ઓળખાય છે.

(૨) બીજા જીવો છે જે ચાર ગતિમય સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે... ચાર ગતિમાં જન્મ–મરણ કરી રહ્યા છે... સતત કર્મો બાંધી વિવિધ પ્રકારના સુખ–દુઃખો ભોગવી રહ્યા છે. આ જીવો **''સંસારી''** જીવોના નામથી ઓળખાય છે.

મુક્ત જીવોની વિચારણા હમણાં પડખે રાખી સંસારી જીવોના ભેદ પ્રભેદ સમજાવે છે. સંસારી જીવો **''ત્રસ''** અને **''સ્થાવર''** એમ બે પ્રકારના છે.

ત્રસ નામ કર્મના ઉદયથી જે જીવો પોતાની ઇચ્છા મુજબ એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકે છે તે ત્રસ જીવો કહેવાય છે. સામાન્યથી આ હાલતા ચાલતા જીવો કહેવાયછે. જેમાં બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે.

સ્થાવર નામકર્મના ઉદયથી જે જીવો સ્વઇચ્છાથી એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકતા નથી તે જીવો **''સ્થાવર''** કહેવાય છે. સામાન્યથી હાલી–ચાલી ન શકનાર એકેન્દ્રિય જીવોનો એમાં સમાવેશ થાય છે.




સ્થાવર જીવોના પાંચ ભેદ છે.

**૧) પૃથ્વીકાય** : વિવિધ પ્રકારના માટિના–પાષાણ અને ખાણના જીવો.

**૨) અપકાય :** વિવિધ પ્રકારના પાણીના જીવો.

**૩) તેઉકાય :** વિવિધ પ્રકારના અગ્નિના જીવો.

**૪) વાઉકાય :** વિવિધ પ્રકારના હવાના જીવો.

**૫) વનસ્પતિકાય :** વિવિધ પ્રકારના વનસ્પતિકાયના જીવો.

આ પાંચે પ્રકારના જીવો સ્વેચ્છાથી હલન ચલન કરી શકતા નથી. પરંતુ એમનામાં પણ પ્રચંડ શક્તિ છે. આપણે આ બધાની શુભ ભાવ પૂર્વકનો વ્યવહાર કરીએ તો આ બધા આપણા માટે સહાયક બને છે. પરંતુ એમના પ્રત્યેની આપણી ક્રૂરતા અથવા દયા–કરુણા વિનાનો વ્યવહાર વિનાશ નોતરનાર બને છે.

આ પાંચે સ્થાવરને પંચમહાભૂત કહેવાય છે. જીવન જીવવામાં આવશ્યક અને સહાયક છે. પરંતુ આપણે એમને અકારણ હેરાન કરીએ... આપણે આપણી મર્યાદા ભૂલીએ ત્યારે ''સો સુનારની એક લુહારકી''ની જેમ આ પંચ મહાભૂતો કલ્પના બહારનો વિનાશ નોતરી બદલો લે છે.

ધરતિકંપ...ચક્રવાત(સાયક્લોન)...અતિવૃષ્ટિ.. અનાવૃષ્ટિ... પૂર... બોમ્બ બ્લાસ્ટ–અગ્નિઓ વગેરે દ્વારા પાંચ મહાભૂતો બદલો લે છે. એમના ક્રોધને થંડો કરવા આપણે આપણી મર્યાદાઓ સાચવવી પડશે. અનર્થદંડ એટલે વગર ફોગટના જીવસૃષ્ટિને હેરાન–પરેશાન કરવાની પ્રવૃત્તિ ત્યાગવી પડશે.

આ બધા માટે આપણે આ જીવસૃષ્ટિને વિશેષથી જાણવા સમજવાનો પ્રયત્ન કરવાનો છે.

**પૃથ્વીકાય :** પૃથ્વીકાય સ્થાવરનો પ્રથમ ભેદ છે. એમ જાણવાની સાથે જ જિજ્ઞાસુને પ્રશ્ન થાય કે પૃથ્વીકાયમાં કોનો–કોનો સમાવેશ થાય ? એટલે જ પૃથ્વીકાયના ભેદનો પરિચય કરાવતાં પૂજ્યપાદ શાંતિસૂરિજી મ. કહે છે.–

**फलिह, मणि, रयण, हिंगुल हरियाल मणसिल रसिंदा ।**
**कणगाइ धाउ सेढी, वन्निय अरणेट्ठ पलेवा ।। ३ ।।**
**अब्भय तूरी उसं, मट्टी पाहाण जाइओ णेगा ।**
**सोवी रंजण लूणा इ, पुढवी भेयाइ, हच्चाई ।।४।।**

**ગાથાર્થ :–** સ્ફટિક, મણિ, રત્ન,પરવાળા, હિંગલોક, હરતાળ, મણશીલ, પારો, સુવર્ણ વિગેરે સાત ધાતુ (સોનુ, રૂપુ, તાંબુ, સીસુ, કલઈ, જસત, લોઢું) ખડી, રમચી, અરણેટ્ટો, પારેવો, પાષાણ, અબરખ, તેજંતુરી, માટી અને પત્થરની અનેક જાતિઓ, સુરમો, મીઠું, સીંધવ વિગેરે પૃથ્વીકાયના ભેદો છે.

ઉપર જણાવેલા પદાર્થો સહજ સમજાય એવા છે. આ બધા પદાર્થો ખાણમાં હોય છે ત્યારે એમનામાં જીવ હોય છે. તેઓ વધે છે પરંતુ ખાણમાંથી બહાર કાઢ્યા પછી ધીરે ધીરે એમાંથી જીવ ચ્યવી જાય છે. જે બાકી રહે છે તે એમનું શરીર હોય છે.

માટી–મીઠું–ખારો વગેરે બધા પૃથ્વીકાયના એક કણમાં અસંખ્યાત જીવો હોય છે. આપણી સાવધાની અસંખ્ય જીવોને અભયદાન આપી શકે છે.

**અપકાય :-** પૃથ્વીકાયના જીવોના આંશિક પરિચય કરીને હવે આપણે અપકાયના જીવોને જાણીએ

**भोमंतरिक्खमुदगं, ओसाहिमकरग हरितणू महिया ।**
**हुंति घणोदहिमाइ, भेया णे गाय आउस्स ।।५ ।।**

**ગાથાર્થ :–** પૃથ્વીનું (કુવા વગેરેનું) આકાશનું (વરસાદનું) પાણી, ઠારનું બરફનું કરાનું, લીલા ઘાસ પરનું તથા ધુંવરનું ઘનોદધિ વગેરેનું પાણી આ બધા અપકાય (પાણી)ના ભેદો છે.

બધા પ્રકારના પાણી સ્વયં જીવમય છે. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવો છે. આપણે પાણીનો ગ્લાસ આખો ભરીએ... અડધો પી જઇએ અને અડધો એમ જ ફેંકી દઇએ. કેટલા જીવોના પ્રાણ લીધા? અંતરમાં કોઇ વેદના થાય છે ? આપણે કોઇ દુઃખ અનુભવીએ છીએ ? આ જીવો પ્રત્યે અંતરમાં દયા–કરૂણાની ભાવના ઉઠે છે ! એમના દુઃખે–દુઃખી થગઇએ છીએ ? પોતાની જાતને પ્રશ્ન પુછશું... ચિંતન કરીશું જવાબ મળી જશે. આ જીવો પ્રત્યેની દયા–કરૂણાની ભાવના અઇમુત્તા બાલમુનિને કૈવલ્યનીભેટ ધરે છે.

આ જીવો પ્રત્યેની પ્રેમ–મૈત્રીની ભાવના આપણને ફાલતુ પાપથી બચાવીને પ્રચંડ પુણ્ય પ્રાપ્તિ અવશ્ય કરાવશે. વિચારી જોજો...

# નવતત્વ... (જીવ તત્વ)

આપણે જૈન છીએ...

જિનના... જિનેશ્વરના ભક્ત છીએ.. અનુયાયી છીએ...

જિનના આરાધક છીએ... સેવક છીએ... પૂજક છીએ...

શું જિનેશ્વર પરમાત્માની પૂજા કરો છો ?... શું જિનપૂજાનો વિધિ જાણો છો ?... તો એક મહત્વનો પ્રશ્ન પૂછી લઉ ?

જિનેશ્વર પરમાત્માની પ્રતિમાનો એક એક અંગ... અણુએ અણુ પાવન છે... પવિત્ર છે... પૂજનીક છે... તો પછી નવ જ અંગે પૂજા શા માટે ? યાદ આવે છે પેલો દુહો...

**ઉપદેશક નવતત્ત્વના, તેણે નવ અંગ જિણંદ;**
**પૂજો બહુવિધ ભાવથી, કહે શુભવીર મુણિંદ.**

અરિહંત પરમાત્માના ઉપદેશનો સાર 'નવતત્વ' છે. જયાં જયાં જયારે જયારે અરિહંત પ્રભુ દેશના આપે છે ત્યારે ત્યારે એ ઉપદેશમાં નવતત્વમાંથી કોઈને કોઈ તત્વ હોય છે. નવતત્વ વિના દશેના નથી. અને આ નવતત્વને જાણીને એના ઉપર શ્રદ્ધા આવી ગઈ તો આપણો બેડો પાર. નવતત્વ ઉપર શ્રદ્ધા એજ સમ્યગદર્શન છે, મોક્ષમાર્ગનો પાયો છે આવો આવા નવતત્વને જાણવાનો સમજવાનો, જીવનમાં ઉતારવાનો યથાશક્તિ પ્રયત્ન કરીશું...

**जीवाऽजीवा पुण्णं, पावाऽसव संवरो य निज्जरणा ।**
**बंधो मुक्खो य तहा, नवतत्ता हुं ति नायव्वा ।। १ ।।**

**ગાથાર્થ :–** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવતત્વ જાણવા. વિશ્વ વિવિધ પ્રકારના વસ્તુ અને વ્યક્તિઓનો ભંડાર છે. પદાર્થો જુદા જુદા પ્રકારના છે. જીવો જુદા જુદા પ્રકારના છે. આ બધાનું મૂળ તે તત્ત્વ કહેવાય છે.

જેવી રીતે જેટલા પણ વિવિધ પ્રકારના જીવજંતુ છે... જીવતા જીવો છે તે બધાનું મૂળ જીવ તત્વ છે. ઘર–મહેલ, કબાટ–ટેબલ, પલંગ વગેરે નિર્જીવ પદાર્થો છે બધાનું મૂળ અજીવ તત્વ છે. એવી રીતે આ મુખ્ય બે તત્વના વિસ્તારથી નવતત્વ શાસ્ત્રોએ જણાવ્યા છે એમને સામાન્યથી આપણે જાણવા પ્રયત્ન કરીશું.

ચેતના સહિત હોય તથા પ્રાણ ધારણ કરે તે જીવતત્વ છે, જીવે તે જીવ છે.

જીવતત્વથી વિપરિત ચેતના રહિત જડસ્વભાવવાળું અજીવતત્વ છે. જેનાથી શુભકર્મના પુદ્ગલોનો સંચય થાય અને તેથી અનુકુલતા અને સુખનો અનુભવ થાય તે પુણ્યતત્વ છે.

પુણ્યતત્વથી વિપરીત જેથી અશુભ કર્મના પુદ્ગલોનો સંચય થાય અને તેથી પ્રતિકુળતા અને દુઃખનો અનુભવ થાય તે પાપતત્વ છે.

હિંસાદિક ક્રિયાઓ દ્વારા જે નવા કર્મોપાર્જનના હેતુઓ તથા માર્ગો તે આશ્રવતત્વ છે. વ્રત નિયમ સંયમ વિગેરે દ્વારા આવતા કર્મો રોકાય તે સંવર તત્વ છે.

વિવિધ બાહ્ય અને અભ્યંતર તપ વડે ધીમે ધીમે કર્મોનો ક્ષય થવો તે નિર્જરા તત્વ છે.

મિથ્યાત્વાદિ હેતુઓ કરી નવા કર્મોનું આત્મપ્રદેશ સાથે મળી જવું તે બંધ તત્વ છે.

સંવર અને નિર્જરા વડે સર્વથા બધા જ કર્મોનો ક્ષય થવો તે મોક્ષ તત્વ છે.

આ બધી નવતત્વથી દ્રવ્યથી વ્યાખ્યાઓ છે હવે આપણે ભાવથી નવતત્વને સમજવા પ્રયત્ન કરીશું...

જ્ઞાન–દર્શનાદિ ભાવ પ્રાણોને ધારણ કરે તે ભાવ જીવ છે...

પોતાની મુખ્ય અર્થક્રિયામાં પ્રવર્તતું હોય તે ભાવઅજીવ છે...

શુભકર્મ બંધમાં નિમિત્તરૂપ જીવનો શુભ અધ્યવસાય તે ભાવ પુણ્ય છે...

અશુભ કર્મ બંધમાં કારણરૂપ જીવનો અશુભ અધ્યવસાય તે ભાવ પાપ છે...

શુભ–અશુભ કર્મના આગમનમાં કારણરૂપ બનતા જીવના શુભ–અશુભ અધ્યવસાય તે ભાવ આશ્રવ છે...

શુભ–અશુભ કર્મના આગમનને રોકવામાં કારણરૂપ બનતા જીવના અધ્યવસાય તે ભાવ સંવર છે...

કર્મોના દેશક્ષયમાં કારણરૂપ બનતા જીવના અધ્યવસાય તે ભાવનિર્જરા છે...

દ્રવ્યબંધમાં કારણરૂપ બનતા જીવના અધ્યવસાય તે ભાવબન્ધ છે...

કર્મોના સંપૂર્ણ ક્ષય થવામાં કારણરૂપ બનતો આત્માનો પરિણામ તે ભાવમોક્ષ છે...

**चउदस चउदस बाया लीसा बासीय हुंति बायाला ।**
**सत्तावन्न बारस चउ नव भेया कमेणेसिं ।। २ ।।**

ચૌદ, ચૌદ, બેંતાલીસ, બ્યાસી, બેંતાલીસ, સત્તાવન બાર, ચાર અને નવ ભેદો (નવ તત્વના) ક્રમથી છે.

જીવ તત્વ–૧૪ ભેદ, અજીવ તત્વ–૧૪ ભેદ, પુણ્યતત્વ–૪૨ ભેદ, પાપ તત્વ–૮૨ ભેદ, આશ્રવ તત્વ–૪૨ ભેદ, સંવરતત્વ–૫૭ ભેદ, નિર્જરા તત્વ–૧૨ ભેદ, બંધતત્વ–૪ ભેદ, મોક્ષતત્વ–૯ ભેદ, એક કુલ બધા મળીને નવતત્વના ૨૭૬ ભેદ થાય છે.

**હેય-જ્ઞેય-ઉપાદેય :** નવતત્વમાં કેટલાક તત્વ જાણવા યોગ્ય છે. (જ્ઞેય) કેટલાક તત્વ ત્યજવા યોગ્ય છે. (હેય) અને કેટલાક તત્વ આદરવા યોગ્ય છે. (ઉપાદેય)

**હેય તત્વ-** (પુણ્ય) પાપ, આશ્રવ, અને બન્ધ.

**જ્ઞેય તત્વ -** જીવ અને અજીવ

**ઉપાદેય તત્વ -** સંવર, નિર્જરા, મોક્ષ અને પુણ્યતત્વ.

પુણ્યતત્વ પણ અંતે છોડવાનુ છે. પરંતુ શ્રાવકને ખાસ આદરવા યોગ્ય છે. સાધુને કવચિતજ અપવાદે આદરવાનું છે. પાપ જો લોખંડની બેડી છે તો પુણ્ય સોનાની બેડી છે. અંતે મોક્ષે જવા બંને બેડીરૂપ છે.

**સંખ્યા ભેદ :-** નવતત્વનો એક બીજામાં સમાવેશ કરવાથી ૭–૫ અને ૨ તત્વો પણ ગણાય છે.

★ પાપ એ અશુભ કર્મનો આશ્રવ છે... પુણ્ય એ શુભ કર્મનો આશ્રવ છે... એમ બન્ને આશ્રવ છે તેથી આશ્રવતત્વમાં પુણ્ય–પાપ સમાઇ જાય છે. તેથી તત્વ સાત થાય છે.

★ આશ્રવ, પુણ્ય અને પાપ આ ત્રણે તત્વોનો બન્ધ તત્વમાં સમાવેશ થઇ શકે છે. તેમજ નિર્જરા અને મોક્ષનો એક તત્વમાં સમાવેશ થઇ શકે છે. તેથી તત્વ પાંચ થાય છે.

★ સંવર–નિર્જરા અને મોક્ષ એ ત્રણ જીવ સ્વરૂપ હોવાથી જીવ તત્વ છે. અને પાપ, પુણ્ય, આશ્રવ

અને બન્ધ એ ચાર તત્વ અજીવ સ્વરૂપ હોવાથી અજીવ તત્વ છે. તેથી તત્વ બે જ થાય છે.

**રૂપી-અરૂપી :** જીવ અરૂપી છે પરંતુ અહીં સંસારી જીવ હોવાથી તે રૂપી છે. સંવર–નિર્જરા અને મોક્ષ જીવના પરિણામ સ્વરૂપ છે... પરિણામ અરૂપી છે તેથી આ ત્રણે તત્વ અરૂપી છે.

અજીવ રૂપી છે સાથે સાથે પુણ્ય–પાપ–આશ્રવ–બંધ પણ અજીવરૂપ હોવાથી રૂપી છે. તેથી

કુલ નવતત્વના ભેદમાં ૮૮ ભેદ અરૂપી છે ૧૮૮ ભેદ રૂપી છે.

કુલ નવતત્વના ભેદમાં ૯૨ ભેદ જીવ છે ૧૮૪ ભેદ અજીવ છે...

કુલ નવતત્વના ભેદમાં ૨૮ ભેદ જ્ઞેય છે...

કુલ નવતત્વના ભેદમાં ૧૨૮ ભેદ હેય છે.

કુલ નવતત્વના ભેદમાં ૧૨૦ ભેદ ઉપાદેય છે.

આવી રીતે સંક્ષેપમાં નવતત્વ સમજીને આગળ એક એક તત્વ વિસ્તારથી સમજાવવામાં આવશે.

**નવતત્વના ૨૭૬ ભેદોનું પૃથકરણ :**

| નવતત્વો | જીવ | અજીવ | રૂપી | અરૂપી | જ્ઞેય વિગેરે |
|---|---|---|---|---|---|
| જીવ | ૧૪ | ૦ | ૧૪ | ૦ | ૧૪ જ્ઞેય |
| અજીવ | ૦ | ૧૪ | ૪ | ૧૦ | ૧૪ જ્ઞેય |
| પુણ્ય | ૦ | ૪૨ | ૪૨ | ૦ | ૪૨ ઉપાદેય |
| પાપ | ૦ | ૮૨ | ૮૨ | ૦ | ૮૨ હેય |
| આશ્રવ | ૦ | ૪૨ | ૪૨ | ૦ | ૪૨ હેય |
| સંવર | ૫૭ | ૦ | ૦ | ૫૭ | ૫૭ ઉપાદેય |
| નિર્જરા | ૧૨ | ૦ | ૦ | ૧૨ | ૧૨ ઉપાદેય |
| બંધ | ૦ | ૪ | ૪ | ૦ | ૪ હેય |
| મોક્ષ | ૯ | ૦ | ૦ | ૯ | ૯ ઉપાદેય |
| | **૯૨** | **૧૮૪** | **૧૮૮** | **૮૮** | **૨૭૬** |

જ્ઞેય એટલે જાણવા યોગ્ય..............૧૪+૧૪ = ૨૮

હેય એટલે ત્યજવા યોગ્ય................૮૨+૪૨+૪ =૧૨૮

ઉપાદેય એટલે આદરવા યોગ્ય..........૪૨+૫૭+૧૨+૯ =૧૨૦

કુલ.................................................**૨૭૬**

**अेगविह दुविह तिविहा, चउव्विहा पंच छव्विहा जीवा ।**
**चेयण तस इयरेहिं वेय गइ करण काअेहिं ।। ३ ।।**

એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે તથા છ પ્રકારે જીવો ચૈત્યન્ત, ત્રસ અને ઇતર, વેદ, ગતિ, ઇન્દ્રિય અને કાયાના આધારે છે.

જીવના વિવિધ દષ્ટિથી છ પ્રકારે ભેદ કરવામાં આવ્યા છે.

(૧) ચૈત્યન્યની અપેક્ષાએ સર્વ જીવોનો એક જ પ્રકારમાં સમાવેશ થાય છે. જયાં જીવ છે ત્યાં ચૈતન્ય છે... જયાં ચૈતન્ય છે ત્યાં જીવ છે. એકેન્દ્રયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોનો... સર્વ

જાતિના... સર્વ ગતિના... સર્વ વેદના... સર્વ ઇન્દ્રિય અને કાયાવાળા જીવોમાં ચૈતન્ય છે. બધાનો જ એ પ્રકારમાં સમાવેશ થાય છે.

(૨) ત્રસ અને ઇતર એટલે સ્થાવરની અપેક્ષાએ સર્વ જીવો ૨ પ્રકારના છે.. સર્વ જીવોનો આ બે પ્રકારમાં સમાવેશ થાય છે. સ્વ ઇચ્છાથી એક સ્થાને બીજા સ્થાને જઇ શકે તે ત્રસ જીવો છે. સ્વ ઇચ્છાથી એક સ્થાનેથી બીજા સ્થાને ન જઇ શકે તે સ્થાવર જીવો છે. વિશ્વના સર્વ જીવોનું જો ત્રસ સ્થાવરની અપેક્ષાએ વિભાજન કરવામાં આવે તો બે જ પ્રકાર થાય – ત્રીજો પ્રકાર સંભવી શકે નહીં. વિશ્વનો કોઇ પણ જીવ હોય એ કાં તો ત્રસ છે અથવા સ્થાવર છે. દા.ત. ઇયળ, મચ્છર, માખી, હાથી, બળદ, વિગેરે જીવો હાલી ચાલી શકે છે. તેથી તે ત્રસ જીવ છે. ઝાડ, પાણી હવા, પત્થર વિગેરે જીવો સ્વ ઇચ્છાથી એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકે નહિં તે જીવો સ્થાવર કહેવાય છે.

(૩) વેદની અપેક્ષાએ જીવો ત્રણ પ્રકારે છે. સર્વ જીવોનો ત્રણ વેદમાં સમાવેશ થાય છે. વેદ ત્રણ પ્રકારે છે (૧) સ્ત્રી વેદ, (૨) પુરુષ વેદ અને (૩) નપુંસક વેદ. વિશ્વના પ્રત્યેક જીવનો ત્રણમાંથી એક પ્રકારમાં સમાવેશ થાય છે.

(૪) ગતિની અપેક્ષાએ જીવો ચાર પ્રકારે છે. સર્વ જીવોનો ચાર ગતિમાં સમાવેશ થઇ જાય છે.ગતિ ચાર છે. (૧) નરકગતિ. (૨) તિર્યંચગતિ. (૩) મનુષ્યગતિ. અને (૪) દેવગતિ. કોઇ પણ જીવનો ગતિની અપેક્ષાએ આ ચારમાંથી એક પ્રકારમાં સમાવેશ થાય છે. દા.ત. : ઝાડ, સ્વાતિ, શંખ, સિંહ, વાનર, પદ્માવતી દેવી, વિમલેશ્વર યક્ષ, શાલીભદ્ર વિગેરેનો એક એક ગતિમા સમાવેશ થાય છે.

ઝાડ–શંખ–સિંહ–વાનર વિગેરે તિર્યંચ ગતિના જીવો છે...

સ્વાતિ–શાલીભદ્ર વિગેરે મનુષ્ય ગતિના જીવો છે...

પદ્માવતીદેવી– વિમલેશ્વર યક્ષ વિગેરે દેવગતિના જીવો છે...

નારકો નરક ગતિના જીવો છે...

ઇન્દ્રિયોની અપેક્ષાએ જીવો પાંચ પ્રકારના છે.–

૧.એકેન્દ્રિય : દા.ત. હીરા, માણેક, ભીંડા, તુરીયા, મગ, વાલ, હવા, પાણી,અગ્નિ વિગેરે

૨. બેઇન્દ્રિય : દા.ત. શંખ, કોડી, અળસીયા,

૩. તેઇન્દ્રિય : દા. ત. જૂ–કીડીઓ, ઉધઇ, મંકોડા.

૪.ચઉરિન્દ્રિય : દા.ત. માખી, મચ્છર, પતંગિયા, માંકડ.

૫. પંચેન્દ્રિય : દા.ત. દેવ, મનુષ્ય, હંસ, બગલા, કુતરા, બીલાડી, વગેરે.

(૫) કાયની અપેક્ષાએ જીવો ૬ પ્રકારે છે. છ કાયમાં સર્વ જીવોનો સમાવેશ થઇ જાય છે.

૧. પૃથ્વીકાય– અભ્રક, તેજંતુરી, સર્વ ધાતુઓ, પાષાણોનોએમાં સમાવેશ થાય છે.

૨. અપકાય– વિવિધ પ્રકારના પાણીઓનો એમાં સમાવેશ થાય છે.

૩. તેઉકાય –વિવિધ પ્રકારના અગ્નિઓનો એમાં સમાવેશ થાય છે.

૪. વાયુકાય– વિવિધ પ્રકારના હવાઓનો એમાં સમાવેશ થાય છે.

૫. વનસ્પતિકાય– વિવિધ પ્રકારના વનસ્પતિઓનો એમાં સમાવશે થાય છે.

૬. ત્રસકાય – સર્વ હાલતા ચાલતા બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયના જીવોન આમાં સમાવશે થાય છે.

# તીર્થંકર જીવન ચરિત્ર

આ અવસર્પિણી કાળમાં પ્રથમ ધર્મ પ્રવર્તક અનંત ઉપકારી પ્રભુ શ્રી ઋષભદેવ થયા છે. સમકિત પામ્યા પછીના પ્રભુ શ્રી ઋષભદેવના તેર ભવ થયા છે.

પ્રભુ પ્રથમ ભવમાં આ જંબુદ્વીપના વિદેહ ક્ષેત્રના ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ધન નામે સાર્થવાહ હતા. તેમણે પોતાના સાર્થમાં રહેલ આચાર્ય ધર્મઘોષસૂરિના સાધુઓને દાન આપ્યું અને ધર્મઘોષસૂરિ પાસેથી પ્રતિબોધ પામી સમ્યકત્વ મેળવ્યું. એટલે એ ભવથી એમના ભવોની ગણત્રી થઇ. બીજે ભવે ઉત્તરકુરુમાં યુગલીયા થયા. ત્રીજે ભવે પ્રથમ દેવલોકમાં દેવ થયા. ચોથે ભવે આ જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ગંધિલાવતી વિજયમાં મહાબલ નામના રાજા થયા. પાંચમે ભવે બીજા દેવલોકમાં લલિતાંગ નામે દેવ થયા. છઠ્ઠે ભવે આ જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલ નગરમાં રાજા થયા. સાતમે ભવે ઉત્તર કુરુ ક્ષેત્રમાં યુગલીયા થયા. આઠમે ભવે પ્રથમ દેવલોકમાં દેવ થયા. નવમે ભવે આ જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં જીવાનંદ નામે વૈદ્ય થયા. દશમે ભવે મિત્રો સહિત બારમા દેવલોકમાં ગયા. અગીઆરમે ભવે જંબુદ્વીપના મહાવિદહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં પૂર્વમિત્રો સહિત બંધુપણે ઉત્પન્ન થયા. તેમા પ્રભુનો જીવ વજનાભ નામે ચક્રવર્તી થયો. તેમે છએ ભાઇઓ સહિત દીક્ષા લીધી. તેમાં પ્રભુના જીવ વજ્રનાભ મુનિએ વીસસ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. બારમે ભવે એ છએ બંધુ મુનિઓ સર્વાર્થ વિમાનમાં ઉત્પન્ન થયા, અને તેરમે ભવે પ્રભુ શ્રી ઋષભદેવ થયા એમ તેર ભવ જાણવા.

અરિહંત ઋષભદેવના ચાર કલ્યાણક ઉત્તરાષાઢા નક્ષત્રમાં થયા છે અને અભિજિત નક્ષત્રમાં પાંચમુ મોક્ષકલ્યાણક થયું. કોશલામાં જન્મેલ હોવાથી કૌશલિક કહેવાતા શ્રી ઋષભદેવ ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચ્યવીને ગર્ભપણે આવ્યા. ઉત્તરાષાઢા નક્ષત્રમાં જન્મ્યા. ઉત્તરાષાઢા નક્ષત્રમાં દીક્ષા લેનારા થયા અને ઉત્તરાષાઢા નક્ષત્રમાં કેવળજ્ઞાન પામ્યા તથા અભિજિત નક્ષત્રમાં મોક્ષમાં ગયા.

કૌશલિક અરિહંત શ્રી ઋષભદેવ આષાઢ (ગુજરાતી જેઠ) વદિ ચોથના દિવસે તેત્રીશ સાગરોપમનું દેવાયુષ્ય પુરૂં કરી સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાંથી ચ્યવીને આ જંબુદ્વીપના ભરતક્ષેત્રની ઇક્ષ્વાકુભૂમિમાં નાભિ કુલકરની પત્ની મરુદેવાના ઉદરમાં મધ્યરાતના સમયે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થયે છતે ગર્ભપણે ઉત્પન્ન થયા. નાભિકુલરના પ્રસંગથી અહીં કુલકરોની ઉત્પત્તિ કહે છે.

આ અવસર્પિણીના બીજા આરાને પૂર્ણ થવાને હજી પલ્યોપમનો આઠમો ભાગ બાકી હતો ત્યારે

ક્રમથી સાત કુલકર થયા છે. પશ્ચિમ મહાવિદેહમાં મહાવિદેહમાં બે મિત્ર વાણીયા રહેતા હતા. તેમાં એક સરળ હતો અને બીજો કપટી હતો. તેઓ બન્ને સાથે વ્યાપાર કરતા હતા. જ્યારે જ્યારે આવકનો ભાગ કરતા ત્યારે કપટી સરલને ઠગીને વધારે ભાગ લઇ લેતો. કોઇક વખતે સરલ મિત્રની પત્નીને જોઇને કપટીએ તેને વિષય માટે પ્રાર્થી, પરંતુ પવિત્ર એવી તે સ્ત્રીએ એ વાતને સ્વીકારી નહિ, તેથી શ્યામ મુખવાળાએવા તેણે સરલ મિત્રને કહ્યું કે, તારી પત્નીએ મારી પાસે વિષયની માંગણી કરી, મેં એ વાત સ્વીકારી નહિ, પછી રસલ સ્વભાવી મિત્ર ઘરે ગયો ત્યારે તેની પત્નીએ જે વાત બની તી તે કહી. એટલે સંસારના આવા સ્વરૂપને વિચારી વૈરાગ્ય પામેલા તે બન્ને જણા ધર્મ કાર્ય કરી કાળ કરીને ઇક્ષ્વાકુભૂમિમાં યુગલીયા થયાં. કપટી મરીને ત્યાં હાથી થયો. તેણે પોતાના પૂર્વ ભવના મિત્ર યુગલીયાને જોયા, તેથી તે હાથીને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે પૂર્વ ભવ દીઠો એટલે પ્રસન્ન થઇ તે યુગલને સુંઢથી પોતાની પીઠ પર બેસાડી ચાલવા માંડ્યો. તે હાથીનો વર્ણ શ્વેત હતો તેથી તે યુગલીયાને વિમલવાહન કહીને બીજા યુગલીયાઓ બોલાવવા લાગ્યા. કાળના પ્રભાવે કલ્પવૃક્ષો ઓછાં થવા લાગ્યાં. તેથી એ યુગલીયાઓને પરસ્પર કલહ થવા લાગ્યો. ત્યારે તે વિમલવાહને કલ્પવૃક્ષો વહેંચી આપ્યા. તેથી તેઓ પોતપોતાની માલિકીના કલ્પવૃક્ષો સાચવી ને રહેવા લાગ્યા તે છતાં ક્યારેક વાંધો થતો તો તેમના માટે ‘‘હાકાર’’ દંડનીતિ વિમલવાહન કુલકરે પ્રવર્તતાવી. એ વિમલવાહનને ચંદ્રયશા પત્ની હતી, તેમની ઉંચાર વનસો ધનુષની હતી. એ પ્રથમ કુલકર વિમલવાહનને ચક્ષુષ્માન પુત્ર ગયો. તેને ચંદ્રકાંતા ભાર્યા હતી. તેમની ઉંચાઇ આઠસો ધનુષ્યની હતી. તે બીજા કુલકર ચક્ષુષ્માનને યશસ્વાન પુત્ર થયો. તેને સુરુપા પત્ની હતી. એમની ઉંચાઇ સાતસો ધનુષ્યની હતી. એ ત્રીજા કુલકરના વખતમાં કોઇ ‘‘હાકાર’’ નીતિને ન માનતો તેના માટે એ કુલકરે ‘‘માકારદંડ’’ નીતિ પ્રર્વતાવી. એ યશસ્વાનને અભિચંદ્ર પુત્ર થયો. તેને પ્રીતિરુપા પત્ની હતી. તેમના શરીરના ઉંચાઇ છસો પચાસ ધનુષ્યની હતી, એ ચોથા કુલકર અભિચંદ્રને પ્રસેનજિત પુત્ર થયો તેને ચક્ષુષ્મતી નામે પત્ની થઇ. એમના શરીરની ઉચાઇ છસો છનુષ્યની હતી. એ કુલકરે ‘‘હાકાર,માકાર’’નામની બે નીતિને ન માનનાર માટે ‘‘ધિક્કાર’’ની નીતિ પ્રવર્તાવી, એ ધિક્કારની નીતિથી તે વખતના યુગલીયા ઘણા જ શરમાઇને શ્યામ મુખવાળા થઇ જતાહતા. એ પાંચમા કુલકર પ્રસેનજિતનો મરુદેવ પુત્ર થયો તેને કાંતા નામે પત્ની થઇ. એમની ઉંચાઇ પાંચસો પચાસ ધનુષ્યની હતી. એમના સમયમાં ત્રણે દંડનીતિઓ હતી. એ છઠ્ઠા મરુદેવ કુલકરને નાભિ નામે પુત્ર થયો તેને મરુદેવા નામે પત્ની હતી. એમનું શરીર માન પાંચસો પચ્ચીસ ધનુષ્યનું હતું. એ સાતમા કુલકર.

શ્રી નાભિ કુલકરનાં પત્ની મરુદેવાના ઉદરમાં પ્રભુ ગર્ભપણે આવ્યા ત્યારે પ્રભુ ત્રણ જ્ઞાનયુક્ત હતા. હું દેવલોકથી ચ્યવીશ એમ પ્રભુ જાણે છે. ચ્યવતા પ્રભુ નથી જાણતા, અને હું ચ્યવી ગયો છું એમ પ્રભુ જાણે છે.

તે મરુદેવાએ ચૌદ સ્વપ્નો જોયા. કૌશલિક શ્રી ઋષભદેવ અરિહંત ફાગણ માસનો કૃષ્ણ પક્ષ તેની અષ્ટમીના દિવસે નવમાસ પૂર્ણ થયે છતે તેમજ ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે

છતે આરોગ્યવાળાં મરુદેવાએ આરોગ્યવાન એવા પુત્રને જન્મ આપ્યો.

દેવલોકમાંથી આવેલા, અદ્‌ભૂત રૂપવાળા, સૌમ્ય આકાશવાળા, ચંદ્ર જેવા શીતળ મુખવાળા, સૌભાગ્યયુક્ત શરીરવાળા, અનેક દેવદેવીઓથી વીંટળાયેલા,સર્વ ગુણો યુક્ત યુગલિક મનુષ્યોમાં બધાથી અધિક શોભતા, એવા ઋષભદેવ, પ્રભુ વૃદ્ધિ પામતા છતાં જયારે ભોજનની ઇચ્છા થતી ત્યારે દેવોએ અમૃતથી સિંચેલ અંગૂડાને મુખમાં નાંખી ચૂસતા. બીજા તીર્થંકરો પણ એજ રીતે બાલ્યાવસ્થામાં અમૃત સિંચિત અંગુડા ને ચૂસે છે. અને પછી અગ્નિથી પકાવેલા આહારનું ભોજન કરતા જયારે ઋષભદેવે તો દીક્ષા લીધી ત્યાં સુધી એટલે ત્ર્યાશીલાખ પૂર્વ સુધી દેવોએ આણેલા દેવગુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રમાં કલ્પવૃક્ષોના ફળોનો જ આહાર કરેલ છે.

વંશ સ્થાપના : શ્રી ઋષભદેવ જયારે લગભગ એક વર્ષના થયા ત્યારે પ્રભુના વંશની સ્થાપના કરવી એવો ઇન્દ્રનો આચાર છે એમ વિચારી અને ખાલી હાથે પ્રભુ પાસે ન જવાય, એમ વિચારી શેરડીનો એક સાંઠો લઇ ઇન્દ્ર નાભિકુલકરના **ખોળામાં** બેઠેલા પ્રભુ પાસે આવ્યા. ત્યારે શેરડીનો સાંઠો જોઇ તે લેવા બાળ પ્રભુએ હાથને લંબાવ્યો. એટલે આપ શેરડી ખાશો ? એમ કહી ઇન્દ્રે પ્રભુના હાથમાં તે સાંઠો આપીને પ્રભુને ઇક્ષુનો અભિલાષ થયો છે તેથી પ્રભુનો વંશ ઇક્ષ્વાકુ નામનો થાઓ એમ કહી ઇન્દ્રે વંશ સ્થાપના કરી. પ્રભુનું ગોત્ર તો કાશ્યપ હતું.

પ્રભુ યૌવન વયને પામ્યા, પ્રભુની દેહલતા એક હજાર ને આઠ ઉત્તમ લક્ષણોથી લક્ષિત હતી. પ્રભુનો વાન તપ્ત સુવર્ણ જેવો પીત અને તેજસ્વી હતો. પ્રભુની કાયા પાંચસૌ ધનુષ્યની ઉંચી અને સમચતુરસ્ત્ર સંસ્થાન ધરાવતી હતી. પ્રભુનું સંઘયણ વજ્રઋષજ નારાચ હતું. પ્રભુનો દેહ ઉપરથી પહાડ કદાચ પડે તો પહાડના ચૂરેચૂરા થાય, પરંતુ પ્રભુના દેહને ઘસરકો પણ ન લાગે. એવી અને એટલી એમની શક્તિ હતી.

કોઇક યુગલને માતાપિતા તાલવૃક્ષનીક્ષ નીચે મૂકીને કોઇ કામ માટે ગયેલ હતા, ત્યારે દૈવયોગે તાડનું ફળ તૂટીને છોકરા ઉપર પડ્યું તેથી બાળક તરત જ મરણ પામ્યો. એ પહેલું અકાળ મૃત્યુ આ અવસર્પિણીમાં થયું. હવે માતાપિતા સ્વર્ગે ગયા પછી તે એકલી પડેલી કન્યા જંગલમાં અહીં તહી ફરતી યુવાનીને પામી, યુગલીયાઓ સુંદર યુવતીને નાભિ કુલકર પાસે લાવ્યા. આ સુંદર સ્વરૂવાન કન્યા ઋષભની પત્ની થાશે એક કહી નાભિ કુલકરે યુગલીયાઓને વિદાય કર્યા, પછી સુનંદા અને સુમંગલાની સાથે વૃદ્ધિ પામતા પ્રભુ યુવાનીને પામ્યા. ત્યારે ઇન્દ્રિે વિચાર કર્યો કે, પ્રથમ જિનનો વિવાહ કરવાનો અમારો આચાર છે. એમ વિચારી ઘણા દેવદેવીઓના પરિવાર સાથે ત્યાં આવી વર સંબંધી કર્તવ્ય પોતે કર્યું. અને કન્યાઓ સંબંધી કૃત્ય દેવીઓએ કર્યું. એવી રીતે વિવાહ થયો. પછી સુનંદા અને સુમંગલાંની સાથે સમય પસાર કરતા પ્રભુને સુમંગલાથી ભરત અને બ્રાહ્મી રૂપ યુગલ ઉત્પન્ન ગયું... અને સુનંદાથી બાહુબલી અને સુંદરી રૂપ યુગલ ઉત્પન્ન થયું. ત્યાર પછી અનુક્રમે સુમંગલાથી બીજા ઓગણપચાશી પુત્રરૂપ યુગલો ઉત્પન્ન થયાં.

રાજ્યાભિષેક અને કુલ–સ્થાપના :–

કલ્પવૃક્ષના પ્રભાવ ઘટવાથી યુગલિયાઓ ત્રણ નતિનો ઉલ્લંઘન કરવા લાગ્યા. ઋષભકુમારે રાજ્ય–અનુશાસન અંગે શિખામણ આપી. ઋષભકુમારને જ પોતાના રાજા કરવા યુગલિકો જળ લેવા ગયા. ઇન્દ્રે અવધિજ્ઞાનથી જોતાં રાજ્યાભિષેકનો સમય જાણી ત્યાં આવ્યા પ્રભુનો રાજ્યાભિષેક કર્યો. પૃથ્વીતલ પર ઋષભકુમાર પ્રથમ રાજા થયા. રાજ્ય વ્યવસ્થા માટે ઉગ્રભોગ, રાજયન્ય અને ક્ષત્રિય કુળોની સ્થાપના પ્રભુએ કરી. એ વખતે કલ્પવૃક્ષોનો વિચ્છેદ થવાથી લોકો કંદમૂળ આદિ ખાવા લાગ્યા હતા. તે અનર્થ ટાળવા પ્રભુએ પોતાનો કલ્પ (આચાર) જાણી અસિ–મસિ–કૃષિની વ્યવસ્થા પ્રવર્તાવી. પાંચ પ્રકારના શિલ્પનું જ્ઞાન આપ્યું. પાંચ શિલ્પના વીસ–વીસ પેટા પ્રકારો મળી સો પ્રકારના શિલ્પો ત્યારથી પ્રવર્ત્યા. આ વખતે અગ્નિ પ્રગટ થયો. પ્રભુએ અન્ન રાંધવાદિની વિદ્યા શીખવાડી પ્રભુએ ભરત, બાહુબલી, આદિને પુરુષની ૭૨ કળાઓ અને બ્રાહ્મી –સુન્દરી વગેરેને સ્ત્રીઓની ૬૪ (ચોંસઠ) કળાઓ શીખવાડી. બ્રાહ્મીને ૧૮ (અઢાર) લિપિઓ અને સુંદરીને ડાબા હાથે કરાતું ગણિત શીખવાડ્યું. ભરતને વિનીતાનું મુખ્ય રાજ્ય આપ્યું. તથા બાહુબલીને બહલી દેશમાં તક્ષશિલાનું રાજ્ય આપ્યું. બાકીના અઠ્ઠાણું પુત્રોને પણ જુદાં જુદાં રાજ્ય આપ્યાં. ૮૩ લાખ પૂર્વ પ્રમાણ કાળ વિતવા આવ્યો.

વિજ્ઞપ્તિ કરવાના આચારવાળા એટલે જિનકલ્પિક એવા લોકાંતિક દેવોએ પ્રભુ પાસે આવીને અત્યંત ઈષ્ટ એવી વાણી વડે પ્રભુને કહ્યું કે “ હે સમૃદ્ધિમંત ! હે કલ્યાણકરદેવ ! આપ જય પામો, વિજય પામો વગેરે કહી, આપ જગતના કલ્યાણને કરનારૂં એવું ધર્મતીર્થ પ્રવર્તાવો. પછી પ્રભુએ ગોત્રીયોને ધન વ્હેંચી આપ્યું. સાંવત્સરિક દાન આપ્યું. **ફાગણ વદિ** અષ્ટમીના દિવસે પાછલા પહોરે સુદર્શન નામની શિબિકામાં બેસીને મનુષ્ય, દેવો અને અસુરોથી અનુસરાતા એવા પ્રભુ વિનીતા નગરીની બહાર નીકળીને જ્યાં સિદ્ધાર્થ નામે ઉદ્યાનમાં અશોક નામે શ્રેષ્ઠ વૃક્ષ હતું ત્યાં પ્રભુ આવ્યા અને ત્યાં શિબિકામાંથી ઉતરી વસ્ત્રાલંકારો ઉતારી પોતે જ ચાર મુષ્ટિ લોચ કરેલ ત્યારે બાકી રહેલ એક મુષ્ટિ લોચના કેશની લટ પ્રભુની સુવર્ણ સમાન વર્ણવાળા ખભા ઉપર સુવર્ણ કળશ ઉપર નીલકમળની માળા શોભે તેમ શોભવા લાગી. એ જોઈ આનંદ પામેલા ઈન્દ્રે વિનંતિ કરી કે કૃપા કરીને “પ્રભુ” હવે આટલા કેશ રહેવા ઘો તો સારૂં, ઈન્દ્રની વિનંતીથી પ્રભુએ પાંચમી મુષ્ટિ લોચના કેશ લોચ કર્યા વિના મૂકી દીધા, એટલે ચાર મુષ્ટિ લોચ કરી જળપાન વિનાના છઠ્ઠ તપથી ચાર હજાર પુરૂષોની સાથે ઈન્દ્રે આપેલ એકદેવદૂષ્ય વસ્ત્ર લઇને દ્રવ્ય તથા ભાવ લોચ કરીને ગૃહવાસથી નીકળેલા પ્રભુએ સાધુપણું સ્વીકાર્યું. એ સમયે પ્રભુને ચોથું મનપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.